Issue No. : 1 | July Month

Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD

# ROYAL RESONANCE

Club No. 82068 | RI District 3060 | Charter Date: 22nd April 2009

An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal

- **Rtn. Francesco Arezzo** – Rotary International President
- **Rtn. Amardeep Singh Bunet** – District Governor
- **Rtn. Dr. S. A. Chauhan** – President
- **Rtn. Nirav Doshi** – Secretary
- **Rtn. Nirav Doshi** – Bulletin Editor
- **Rtn. Gaurav Rathod** – Design




Adderess for Correspondance : Rtn. Vivek Shah, 118, Sagar Complex, Jashonath Chowk, Bhavnagar.
Phone : 9879 00 2192, 9825 46 6969 ■ We meet every Wednesday at Honest Restaurant, Waghawadi Road, Bhavnagar.

# Rotary

# THE 4 WAY TEST

## The 4-way test of the things we think, say or do

1. Is it the TRUTH ?
2. Is it FAIR to all concerned ?
3. Will it build GOODWILL and BETTER FRIENDSHIP ?
4. Will it be BENEFICIAL to all concerned?

## जो हम सोचते है, कहते हैं, करते हैं, उनकी चतुर्मुखी कसौटी

१. क्या यह सत्य है ?

२. क्या यह सभी संबंधित के लिए उचित है ?

३. क्या यह सद्‌भावना, भाईचारा और मित्रता बढाती हैं ?

४. क्या यह सभी संबंधित के लिए लाभदायक है ?

## આપણે જે વિચારીએ છીએ, કહીએ છીએ, કે કરીએ છીએ, તેની ચતુર્વિધ કસૌટી

૧. શું તે સત્ય છે ?

૨. શું તે બધા સંબંધિત માટે ઉચિત છે ?

૩. શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે ?

૪. શું તે બધા સંબંધિત માટે લાભદાયી છે ?

# Rotary Royal Board


| | |
|---|---|
| Dr. Shakeel Chauhan | President |
| Nirav Doshi | Secretary |
| Dr. Girish Patel | Club Learning Facilitator |
| Hiren Parekh | Treasurer |
| Himanshu Jagani | Membership Chair |
| Bhavesh Choithani | Service Project Chair |
| Chirag Trivedi | Foundation Chair |
| Manhar Rathod | Public Image Chair |
| Chetan Tank | Literacy Chair |
| Dharmvirsinh Sarvaiya | Vice President |
| Ronak Mehta | Sargent at Arms |
| Harikrishna Parekh | IPP |
| Vaibhav Vyas | President Elect |
| Dr. Mmehul Jani | President Nominee |
| Bhavnesh Mehta | Advisor to Board |
| Vivek Shah | Advisor to Board |
| Gaurav Rathod | Youth Chair |
| Krishnadevsinh Sarvaiya | Special Project Chair |
| Bhavin Shah | Joint Secretary |
| Amit Makkwana | Service Project Co-Chair |
| Paurav Bhatt | Gram Kalyan Project Chair |
| Dr. Harshwardhansinh Jadeja | Sports Chair |
| Arjun Parekh | Sports Co-Chair |
| Shyam Makati | Foundation Co-Chair |
| Chandrasinh Gohil | Cultural Chair |
| Vishal Bapodara | Cultural Co-Chair |
| Malay Badheka | Sudama Ni Joli Project Chair |
| Vimal Shah | Sudama Ni Joli Project Co-Chair |
| Dr. Maulik Parikh | Mental Health Awareness Chair |
| Jay Vadher | Dental Project Chair |
| Ram Ramani | Vaccination Chair |
| Geetaben Vaghani | Women Project Chair |
| Ashish Shah | RMB Chair |
| Yagnik Bhutaiya | Carrier Counseling Project Chair |
| Dr. Haresh Pandya | Literacy Co-Chair |

# Francesco Arezzo is new RI President

Francesco Arezzo, a member of the Rotary Club of Ragusa, Italy, has been selected by the Board of Directors to become Rotary International's president for 2025–26. Arezzo will become president on July 1.

The Board conducted a special session following the unexpected resignation of RI President-elect Mário César Martins de Camargo on June 8. Guided by the RI code and policies, the Board selected the new president-elect from a pool of candidates who were considered by the Nominating Committee for President of Rotary International in August 2023.

The 2025–26 presidential message, announced at the 2025 Rotary International Assembly in February, will remain *Unite for Good*, which calls on Rotary members to be a force for unity in a world increasingly divided by politics, geography and ideology. Through service projects, Rotary brings together people of every background — across races, religions and professions — in a shared mission to do good in their communities.



Arezzo is an orthodontist in private practice. He is active internationally as a member of the Italian, European and American orthodontics associations. He is vice-president of the National Association of Italian Dentists for the province of Ragusa and was the founder and head for seven years of the delegation for Ragusa of the National Trust for Italy. He is a Knight of Honor and Devotion in Obedience within the Sovereign Order of Malta.

A Rotary member for more than 30 years, Arezzo has served as vice-chair of the Joint Strategic Planning Committee and as RI director, learning facilitator, and as district conference presidential representative.

Arezzo is a benefactor of The Rotary Foundation. He is married to Anna Maria Criscione, an entrepreneur in the tourism field. They have two children.

©Rotary

Rotary District 3060 has always been a beacon of leadership, service, and innovation, and it is our proud legacy that continues to inspire us.

We stand tall today because of the vision and tireless efforts of our past leaders whose contributions have shaped the district and laid a strong foundation of service and fellowship.

As we look ahead, we must embrace the changing world with open arms and a renewed sense of responsibility. Membership being our one of the highest priority, with a focus on not just growing our numbers but nurturing meaningful, value-driven engagement across Rotary, Rotaract, and Interact. Each member is vital, and we must strive to make every Rotarian feel inspired, involved, and empowered.

Strengthening The Rotary Foundation remains key, as it enables us to multiply our impact through life-changing projects—from dialysis centers and cancer diagnostics to clean water initiatives, educational support, and skill development. I urge each of you to make giving to The Rotary Foundation as a part of your family celebrations, as your contributions can touch lives close to home and across the world.

In the coming year, we will advance powerful initiatives like the 3R Project, e-waste recycling, tree plantation, eye donation drives, medical camps, RYLA for youth leadership, and continued literacy efforts, along with scholarships for underprivileged students. Through the GKP Village Project, we aim to reach the unreached and transform entire communities.

We will also strengthen fellowship through vibrant district events and the much-awaited District Conference, Sang-e-Marmar at Agra.

My dear Presidents, Secretaries, and fellow Rotarians—this is our time to rise, to lead with purpose, and to build a Rotary that is more impactful, inclusive, and far-reaching.

Let us move forward together to serve, to connect, and to write the next inspiring chapter of Rotary District 3060.Jai Hind , Jai Rotary



**Rtn. Amardeep Singh Bunet**
District Governor
RI District 3060

મિત્રો, રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ કે જે R.I.DIST ૩૦૬૦ ની સર્વશ્રેષ્ઠ ક્લબો માં ની એક ક્લબ છે, તેવી આપણી રોયલ ક્લબ ના વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રેસિડન્ટ તરીકે ની મારી વરણી થવા બદલ હું ખૂબ જ આનંદ અને ગૌરવ ની લાગણી અનુભવું છું.રો.મિત્રો, આપણા માટે ખૂબ જ આનંદ ની વાત છે કે મારા પુરોગામી પ્રેસિડેન્ટ રો. હરિકૃષ્ણ ભાઈ ના નેતૃત્વ માં ગત વર્ષ માં ઘણા બધા નવા અને સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ, સેવાકીય પ્રવૃત્તિઓ, પબ્લીક ઈમેજ પ્રોજેક્ટ્સ કરવાં માં આવ્યા છે ત્યારે હું મારા આ રોટરી વર્ષ માં તે બધા જ પ્રોજેકટ ચાલુ રાખી તેની સેવાઓ વધુ માં વધુ વિસ્તારવા માંગુ છુ સાથે એક ડોક્ટર તરીકે હું આ વર્ષે નવા કેટલાક સેવાકીય પ્રોજેક્ટ તેમજ હેલ્થકેર અને મેડિકલ ક્ષેત્રમાં ઉપયોગી નવા પ્રોજેક્ટ્સ કરવા માંગુ છુ.

મિત્રો, આપ સર્વે જાણો છો તે મુજબ કોઈ પણ સમાજ ઉપયોગી કર્યો માટે સંસ્થા ને નાના મોટા અનુદાન ની જરૂર પડતી હોય છે ત્યારે આપ સર્વે મિત્રો ને તન - મન અને ધન થી સહકાર આપવા અપીલ કરું છું, આપ તરફ થી મળેલ સહયોગ સમાજ માં જરૂરિયાતમંદ લોકો ને આશીર્વાદ સમાન રહેશે.આ સાથે, આપણી ક્લબ ના મુખપત્ર - " ROYAL RESONANCE" દ્વારા હું સર્વે નવા જોડાયેલા મેમ્બર્સ ને આવકારું છું.

આ સાથે આપ સર્વે ને જણાવતા આનંદ થાય છે કે આ વર્ષ માં ક્લબ મેમ્બર્સ માટે પણ વિશિષ્ટ ફેલોશિપ, કલ્ચરલ એક્ટિવિટી, સ્પોર્ટ્સ એક્ટિવિટીસ વગેરે અવનવા પ્રોગ્રામો નું આયોજન કરી રહ્યાં છીએ જે સમયાંતરે આપ સમક્ષ રજુ કરીશું.અંત માં એટલું જ કહીશ કે આપ સર્વે મેમ્બર્સ ના સાથ સહકાર સાથે ખભે ખભો મિલાવીને રોટરી રોયલ ના માધ્યમ દ્વારા ઉત્તમ સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ અને પ્રવૃતિઓ કરીને આપણી ક્લબ ને શ્રેષ્ઠ અને સર્વોચ્ચ ક્લબ બનાવીશું અને ખરા અર્થમાં "UNITE FOR GOOD" ને સાર્થક કરીશું.જેનો મને પૂર્ણ વિશ્વાસ છે. પ્રોજેક્ટ્સ માટે ના અપના સૂચનો હંમેશા આવકાર્ય છે.



RI District 3060

રો. ડો. શકીલ ચૌહાણ
પ્રેસિડેન્ટ

મિત્રો,રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ માટે " રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ" ના સેક્રેટરી( મંત્રી) તરીકે ની મારી જે વરણી કરવામાં આવી છે એ મારા માટે ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ગૌરવ ની વાત છે. મારી આ સેક્રેટરી તરીકે ની વરણી બદલ , આ તબ્બકે હું પ્રેસિડેન્ટ, ટ્રસ્ટીશ્રી ઓ, સિનિયર મેમ્બર્સ, તથા તમામ બોર્ડ મેમ્બર અને ક્લબ મેમ્બર્સ નો આભારી છું.

કોઈ પણ સંસ્થા કે ક્લબ માં સેક્રેટરી ની મુખ્ય જવાબદારી તમામ પ્રકારના સંકલન અને માહિતિ ના આદાન - પ્રદાન ની રહેતી હોય છે ત્યારે હું વ્યક્તિગત રીતે આ વર્ષે દરેક ક્લબ મેમ્બર્સ ના સંપર્ક માં રહીને વધુ માં વધુ ક્લબ મેમ્બર્સ ને ક્લબ ના પ્રોજેક્ટ્સ અને પ્રવૃતિઓ માં જોડાઇ તેવો પૂર્ણ પ્રયત્ન કરી ને સમગ્ર વર્ષ દરમ્યાન ક્લબ એક્ટિવ રહે તેવા સઘન પ્રયાસો કરતો રહીશ. મિત્રો, વર્ષ દરમ્યાન આપના તરફ થી સારા સૂચનો , સારા સમાજ ઊપયોગી પ્રોજેક્ટ્સ હંમેશા આવકાર્ય છે અને સેક્રેટરી તરીકે આપ સર્વે ને ક્લબ ની વિવિધ પ્રવૃતિઓ અને પ્રોજેકટ માં મોટી સંખ્યામાં જોડવા માટે અપીલ કરું છુ. વધુ માં જાણવું તો , ક્લબ ની વહીવટી સુગમતા ના ભાગ રૂપે આપ સર્વે આપની વાર્ષીક ક્લબ ફી સત્વરે જમા કરાવી અમોને ક્લબ ના કુશળ સંચાલન માં મદદ રૂપ બનો તેવી નમ્ર અપીલ કરું છુ. જે મેમ્બર્સ એ સમયસર ચેક/ કેશ જમા કરાવી દીધા છે તેમનો હું આભારી છું.

વધુ માં જો બીજી વાત કરીએ તો આ વર્ષે અમો આપણી ક્લબ નું "મંથલી બુલેટિન" - "ROYAL RESONANCE" ને એક તદ્દન નવા રુપ રંગ સાથે " e- મેગેઝિન" સ્વરૂપે આકર્ષક સ્વરૂપ માં પ્રકાશીત કરવા જઈ રહ્યા છીએ. ક્લબ મેમ્બર્ રો. ગૌરવ ભાઈ રાઠોડ આ વર્ષે ખૂબ જ સુંદર અને આકર્ષક e- બુલેટિન એક આગવી શૈલી માં બનવાનું કાર્ય કરી રહ્યા છે.

અંત માં મિત્રો એટલું જ કહીશ કે આપ સર્વે ના સાથ - સહકાર અને સૂચનો સાથે ક્લબ સેક્રેટરી તરીકે ની મારી તમામ જવાબદારીઓ નિષ્ઠા પૂર્ણ નીભાવીશ અને ક્લબ ને નવી ઊંચાઇ પર લઇ જવા માટે કટિબધ્ધ રહીશ.

રો. નિરવ દોશી
સેક્રેટરી



# વૃક્ષા રોપણ

## રેલ્વે રિઝર્વેશન સેન્ટર - ટ્રેનીંગ સેન્ટર, સંસ્કાર મંડળ, ભાવનગર

નવા રોટરી વર્ષ ની શરૂવાત સાથે રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ અને પશ્ચિમ રેલ્વે ભાવનગર ડિવિઝન ના સંયુક્ત ઉપક્રમે **રેલ્વે રિઝર્વેશન સેન્ટર - ટ્રેનિંગ સેન્ટર** ખાતે પ્રથમ દિવસે વૃક્ષારોપણ કાર્યક્રમ સાથે નવા વર્ષ ની શરૂવાત કરવામાં આવી હતી. **"ગ્રીન ભાવનગર"** ની થીમ સાથે આપણી ક્લબ દ્વારા પ્રથમ ચરણ માં રેલ્વે પરિસર માં **૧૦૦** જેટલા વૃક્ષો વાવ્યા હતા. રોટરી ના સાત ફોકસ એરિયા માં ના એક એવા " પર્યાવરણ" ની જાળવણી અને પર્યાવરણ અંગે ની જાગૃતિ લાવવા ના હેતુ થી રોટરી રોયલ દ્વારા વૃક્ષારોપણ સાથે નવા વર્ષ ની શરૂઆત કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલ્વે ના અધિકારી ઓ એ પણ રોટરી રોયલ ની આ પ્રવૃતિ ને બિરદાવી હતી.મોટી સંખ્યામાં માં રોટરી રોયલ ના સભ્યો, રોટ્રેક્ટ મિત્રો, તથા રેલ્વે વિભાગ ના અધિકારીઓ અને ભારત સ્કાઉટ ગાઇડ ના સભ્યો એ સાથે મળી ને રેલ્વે પરિસર માં **૧૦૦ જેટલા વૃક્ષો વાવ્યા** હતા. પ્રોજેકટ ચેર રો. ચંદ્રસિંહ ની મહેનત થકી સમગ્ર પ્રોજેકટ સારી રીતે સંપન્ન થઈ શક્યો હતો.








# પૌષ્ટિક નાસ્તા વિતરણ

MATERNAL AND CHILD HEALTH

અંકુર શાળા, સરદારનગર,



રોટરી વર્ષ ના પ્રથમ દિવસે રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા અંકુર શાળા ખાતે **૧૮૦ વિશિષ્ટ બાળકો (Special Children)** માં પ્રોટીન વિટામિન યુક્ત પૌષ્ટીક નાસ્તા નું વિતરણ કરવામાં આવ્યું હતું.આ સાથે બાળકો માટે મનોરંજન કાર્યક્રમ ની અદભૂત વ્યવસ્થા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ અને રોટ્રેક્ટ મેમ્બર્સ શાળા પર હાજર રહ્યા હતા અને સમગ્ર પ્રોજેકટ ને સફળતા પૂર્વક સાર્થક કર્યો હતો.સમગ્ર પ્રોજેકટ ના સહયોગી **Azzip tech Company ના રો. ઉર્વીશ ભાઈ મુલાની** રહ્યા હતા.આ સાથે રો. ઉર્વીશ ભાઈ મુલની તથા ડાન્સ ટીચર મહેશ પરમાર નો ખુબ ખુબ આભાર.






# ન્યુટ્રીશન કીટ વિતરણ

## સિવિલ હોસ્પિટલ, ભાવનગર

સેવા ની સરવાણી નું બીજું નામ એટલે કે રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ.ભાવનગર માં લાંબા સમય થી કાર્યરત અને સામાજિક સેવા માં અગ્રેસર એવી રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા આજ રોજ ભાવનગર સિવિલ હોસ્પિટલ ના પ્રસૂતા અને સગર્ભા વોર્ડ માં ગર્ભવતી બહેનો માં ન્યુટીશન કીટ - પ્રોટીન વિટામિન પાઉડર નું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ ચેર રો. ગીતાબેન વાઘાણી ની આગેવાની માં આજ રોજ તા ૦૭ જુલાઈ ને દિવસે ૫૦ જેટલા બહેનો માં કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. સગર્ભવસ્થામાં પ્રોટીન નું વિશેષ મહત્વ સમજાવતા રો. ગીતાબેન તથા અન્ય કલબ મેમ્બર્સ, સ્પાઉસ, તથા રોટ્રેક્ટ મેમ્બર્સ દ્વારા ૫૦ પ્રોટીન પાઉડર ના ડાબા નું વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રોજેકટ દરમ્યાન ભાવનગર સિવિલ હોસ્પિટલ અને ભાવનગર મેડીકલ કોલેજ ના ડીન ડો. ચીન્મય શાહ સાહેબ ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ડો. ચીન્મય શાહ સાહેબ એ રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ ની આ સેવાકીય પ્રવૃત્તિ ને બિરદાવી હતી.સમગ્ર પ્રોજેકટ માટે નો સહયોગ Dietician Salon's - Dr Diet clinic તરફ થી પ્રાપ્ત થયો હતો.






# આસિસ્ટન્ટ ગવર્નર વિઝીટ

હોટલ બેસિલ પાર્ક, ભાવનગર








**Rtn. Jatin Bhayani**
Assistant Governor

રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલની રેગ્યુલર કલબ મિટિંગ સાથે આજે આસિસ્ટન્ટ ગવર્નર ની મુલાકાત ( AG VISIT)નું આયોજન કરવામાં આવ્યુ હતુ.આજની આ આસિસ્ટન્ટ ગવર્નરની વિઝિટ સાથે ક્લબ મિટિંગનું આયોજન સ્થાનીક હોટલ બેસીલ પાર્ક ખાતે રાખેલ હતું. આસિસ્ટન્ટ ગવર્નર રોટેરિયન જતીનભાઈ ભાયાણી ની આપણી ક્લબમાં વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પ્રેસિડન્ટ રોટેરિયન શકીલ ભાઈએ આસિસ્ટન્ટ ગવર્નર જતીન ભાઈને આવકાર્યા હતા. ગત સપ્તાહમાં કરેલ પ્રોજેકટની માહિતિ રોટેરિયન ગીતાબેનએ આપેલ હતી જ્યારે આવતા સપ્તાહમાં યોજાનાર પ્રોજેકટની વિગતો ક્રમશ રોટેરિયન હરેશ ભાઈ તથા રોટેરિયન કિંજલ ભાઈ એ આપી હતી. AG જયંત ભાઈ નો પરિચય રોટેરિયન ચેતનભાઈ ટાંક એ આપેલ હતો.AG જતીન ભાઈ ભાયાણી એ તેમના વકતવ્ય માં આ વર્ષ ના વિવિધ પ્રોજેક્ટો ની વિગતવાર માહિતિ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા આપણી ક્લબ ની વિવિધ પ્રવૃતિઓ નો અહેવાલ મેળવ્યો હતો, તેમજ આપણી ક્લબ ની કામગીરી ને બિરદાવી હતી. તદ ઉપરાંત રોટેરિયન ચિરાગ ભાઈ ત્રિવેદી એ મિટિંગ માં રોટરી ની કાર્ય શૈલી અને રોટરી ની વેબ સાઇટ વિશે રસપ્રદ માહિતી ઓ આપી હતી.અંત માં AG જતીન ભાઇ ભાયાણી ને આપણી ક્લબ ના સિનિયર મેમ્બર્સ રોટેરિયન ગિરિશ ભાઈ એ સ્મૃતિ ચિન્હ મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કર્યું હતું. AG વિઝિટ ની આ મિટિંગ માં મોટી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ ઓ એ હાજર રહીને રોટરી રોયલની ગરિમા માં વધારો કર્યો હતો અને મિટિંગ ને સફળ બનાવી હતી.

# ફર્સ્ટ એઇડ તાલીમ

## દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર સ્કૂલ, ભાવનગર




તા ૧૧ જુલાઈ ને શુક્રવારે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા વિશેષ પ્રાઈમરી શિક્ષક ની પ્રાથમિક મેડિકલ તાલીમ ના સેમીનાર નું દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર શાળા ખાતે આયોજન કરવામાં આવ્યુ હતુ. આ શિક્ષક તાલીમ સેમીનાર માં વક્તા તરીકે ભાવનગર ના પ્રખ્યાત બાળ રોગ નિષ્ણાત ડો. પ્રકાશ વાઘેલા સાહેબ એ વ્યાખ્યાન આપ્યું હતું અને સાથે બાળક ની મેડીકલ ઈમરજન્સી situations માં મોકડ્રીલ demonstaration દ્વારા પ્રાથમિક સારવાર કઇ રીતે આપવી તે પણ ઊંડાણ પૂર્વક સમજાવ્યું હતું. દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર શાળા ના ૮૦ જેટલા નર્સરી અને પ્રાઈમરી પ્લે શાળા ના શિક્ષકો આ તાલીમ સેમીનાર માં હાજર રહ્યા હતા.વ્યાખ્યાન બાદ પ્રશ્નોતરીકાળ માં શિક્ષકો દ્વારા પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નો ના ડો. વાઘેલા સાહેબ એ ખૂબ ઉમદા જવાબો આપ્યા હતા.પ્રોજેકટ ચેર રો. ડો. હરેશભાઈ પંડ્યા એ આ MSP પ્રોજેકટ ને સફળ બનાવવા માટે ના પ્રેરક પ્રયત્નો કર્યા હતા અને પ્રોજેકટ ને સફળ બનાવ્યો હતો. દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન







મંદિર શાળા ના ટ્રસ્ટી ઓ એ રોટરી રોયલ ના આ ઉમદા સેવા કાર્ય ને ખૂબ બિરદાવ્યું હતું. રોટરી રોયલ દ્વારા કરવામાં આવેલા આ પ્રોજેકટ માં લિટ્રેસી ચેર રો. ચેતનભાઈ, સર્વીસ પ્રોજેકટ ચેર રો. ભાવેશભાઇ , સર્વીસ પ્રોજેકટ કો ચેર રો. અમીત ભાઇ, ડિસ્ટ્રિક્ટ એક્ઝિક્યુટિવ સેક્રેટરી રો. ચિરાગ ભાઈ તથા અન્ય ક્લબ મેમ્બર્સ હાજર રહ્યાં હતાં અને પ્રોજેકટ સફળ બનાવ્યો હતો.

ENVIRONMENT

# વૃક્ષા રોપણ

ENVIRONMENT

## સમત્વ સ્કુલ, ભાવનગર

રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા મંથલી સર્વિસ પ્રોજેક્ટ ( MSP) અંતર્ગત તા /૧૩/૦૭/૨૫ ને રવીવાર ના રોજ વૃક્ષારોપણ અભીયાન ભાગ-૨ નુ ભવ્ય આયોજન સ્થાનીક "સમત્વ સ્કુલ" ખાતે કરવામાં આવ્યું હતું. રોટરી રોયલ ના પ્રથમ ચરણ ના સફળ વૃક્ષારોપણ અભીયાન બાદ બીજા ચરણ માં પણ સમત્વ સ્કુલ ખાતે ૧૦૦ જેટલા વિવિધ વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

રોટરી ના સાત ફૉકસ એરિયા માં ના પર્યાવરણ ની જાળવણી અંગે ના ઉદ્દેશ્ય ને ધ્યાન માં રાખીને આ પ્રોજેકટ હેઠળ રોટરી રોયલ દ્વારા ૧૦૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા. Green Bhavnagar થીમ આધારિત રોટરી રોયલ ના આ વૃક્ષારોપણ અભીયાન માં મોટી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ, રોટ્રેક્ટ મેમ્બર્સ, સ્કૂલ ના હોદ્દેદારો તેમજ શુભેચ્છકો તથા સહયોગીઓ એ હાજર રહીને આ પ્રોજેકટ ને સફળ બનાવ્યો હતો.

રો. ચેતન ભાઈ ટાંક ( સમત્વ સ્કુલ) અને રો. કિંજલ ભાઈ બદાણી ( ગુજરાત ગેસ) ના વિશેષ સહયોગ અને સહકાર થી આ સમગ્ર પ્રોજેકટ સફળ બન્યો હતો. વૃક્ષારોપણ માટે ના વૃક્ષો રો. કિંજલભાઈ ના પ્રયત્નો થી ગુજરાત ગેસ તરફ થી પ્રાપ્ત થયા હતા જ્યારે વૃક્ષારોપણ માટે જરૂરી અન્ય તમામ કાર્ય રો. ચેતનભાઈ ના ટાંક ના પ્રયાસો થી પૂર્ણ કરી શકાયા હતા.

આ રોટરી વર્ષ માં ભાવનગર ને હરિયાળું અને રળિયામણું બનાવવા ના ઉમદા ઉદેશ્ય સાથે રોટરી રોયલ દ્વારા વિવિધ તબક્કાઓ માં વૃક્ષારોપણ અભીયાન ચલાવામાં આવી રહ્યું છે ત્યારે આજ રોજ સર્વે ક્લબ મેમ્બર્સ ના અથાગ પ્રયત્નો થી આજ નું વૃક્ષારોપણ કાર્ય સફળ રીતે પાર પાડવા માં આવ્યું હતું. વૃક્ષારોપણ કાર્ય બાદ રો. ચેતન ભાઈ ટાંક દ્વારા હાજર સર્વે માટે વિશિષ્ટ સ્વાદિષ્ટ અલ્પાહાર ની વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી.

અંત માં, પ્રેસિડન્ટ રો. ડો. શકીલ ભાઈ એ સર્વે હાજર ક્લબ મેમ્બર્સ, રોટરેક્ટ મેમ્બર્સ અને વૃક્ષારોપણ અભીયાન ના બને સહયોગીઓ નો આભાર વ્યક્ત કર્યો હતો.











# નિરામયા પ્રોજેક્ટ

## દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર સ્કૂલ, ભાવનગર




રોટરી રોયલ અને રોટરેક્ટ ક્લબ ઓફ સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી મેડિકલ કોલેજ ના સંયુક્ત ઉપક્રમે ચાલતા નિરામયા પ્રોજેક્ટ હેઠળ આજ રોજ તા - ૧૪ જુલાઈ ના રોજ "મોડલ શાળા - શામપરા" ખાતે ની સ્કૂલ માં વિધાર્થીઓ માં જનરલ બોડી ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પ માં સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ના સહયોગ થી વિધાર્થીઓ માં પ્રાથમિક તપાસ અને સ્વાસ્થ સબંધી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતુ.

રોટરી રોયલ અને રોટરેક્ટ ક્લબ ઓફ સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી મેડિકલ કોલેજ ના સંયુક્ત ઉપક્રમે ચાલતા નિરામયા પ્રોજેક્ટ હેઠળ આજ રોજ તાઃ ૧૯/૦૭/૨૫ ના રોજ નિરામયા પ્રોજેક્ટ અંતર્ગત બોરતળાવ, ભાવનગર ખાતે રેન્ડમ બ્લડ સુગર ( RBS) અને બ્લડ પ્રેશર ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓને સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી મેડિકલ કોલેજ ના સહયોગ થી નિશુલ્ક દવાઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું.



# સ્પીકર મીટીંગ

ઓનેસ્ટ રેસ્ટોરન્ટ, ભાવનગર

તા ૧૬ જુલાઇ એ રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા સ્પીકર મિટિંગ નું આયોજન સ્થાનીક honest restaurant ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા મોટીવેશનલ સ્પીકર અને ટ્રેનીંગ કોચ અને લેખક શ્રી રાજુભાઈ અંધારિયા એ એક તદ્દન અલગ જ વિષય પર પોતાનું વકતવ્ય આપ્યું હતું. વક્તા શ્રી રાજુભાઈ અંધારિયા એ આજ ના સમય ને અનુરૂપ અને દરેક ના જીવન પર જેની ખૂબ જ અસર છે એવા "સોશીયલ મીડિયા" વિષય પર "તમે લઈ ગયા - ને - અમે રહી ગયાં" વિષય પર પોતાની આગવી શૈલી માં વકતવ્ય રજૂ કર્યું હતું. આ સાથે સ્પીકર શ્રી રાજુભાઈ અંધારિયા એ "સોશીયલ મીડીયા" સાથે જોડાયેલી રસપ્રદ , રોચક અને માનવ જીવન સાથે વણાયેલી માહિતીઓ અને તથ્યો પણ રજૂ કર્યા હતા. રોટરી રોયલ ની આ સ્પીકર મિટિંગ માં ૪૫ થી પણ વધુ રોટેરિયન મેમ્બર્સ હાજર રહ્યાં હતા અને વક્તા શ્રી રાજુભાઈ અંધારિયા એ હાજર સર્વે ને પોતાના આ વકતવ્ય માં વિવિધ રસપ્રદ વાતો થી મંત્ર મુગ્ધ કરી દીધા હતા. અંત માં રો. ગીરીશ ભાઈ એ સ્પીકર મિટિંગ ના વક્તા શ્રી રાજુભાઈ અંધારિયા નું સ્મૃતિ ચિન્હ મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કર્યું હતું.








# PROJECT - VISION & SMILE

DISEASE PREVENTION AND TREATMENT

## સરકારી શાળા ન - ૪૯, કુંભારવાડા,ભાવનગર




રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ તરીકે તમને પ્રોજેક્ટ ફીડબેક અને મેગા આઈ એન્ડ ડેન્ટલ ચેક અપ કેમ્પ (પ્રોજેક્ટ વિઝન એન્ડ સ્માઈલ) ની વિગતો તમારા વિચારણા માટે મોકલી રહ્યા છીએ. પ્રોજેક્ટની વિગતો નીચે મુજબ છે.

17 જુલાઈ, ગુરુવારના રોજ, રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા સરકારી શાળા, ઝાંસી કી રાણી લક્ષ્મી બાઈ શાળા, શાળા નંબર 49, કુંભારવાડા, ભાવનગર ખાતે "મેગા આઈ એન્ડ ડેન્ટલ ચેક અપ કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરની શરૂઆત વિદ્યાર્થીઓને આંખ અને દાંતની સંભાળ અંગે જરૂરી માર્ગદર્શન આપીને થઈ હતી, જેમાં તેમની આંખો અને દાંતની સંભાળ રાખવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. પરીક્ષા દરમિયાન ગંભીર આંખની સમસ્યાઓ ધરાવતા વિદ્યાર્થીઓને ઓળખવામાં આવ્યા હતા અને ત્યારબાદ મશીનોનો ઉપયોગ કરીને વિગતવાર તપાસ કરવામાં આવી હતી જ્યારે બીજી બાજુ, તમામ વિદ્યાર્થીઓએ વિવિધ દાંતની સમસ્યાઓ શોધવા માટે મૌખિક અને દાંતની તપાસ કરાવી હતી.



DISEASE PREVENTION AND TREATMENT

# PROJECT - VISION & SMILE

DISEASE PREVENTION AND TREATMENT

## સરકારી શાળા ન - ૪૯, કુંભારવાડા,ભાવનગર



આ શિબિરમાં આંખ અને દાંતની સંભાળ માટે શું કરવું અને શું ન કરવું તે અંગે પણ મૂલ્યવાન માહિતી આપવામાં આવી હતી. રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ્સના ડોકટરો અને અન્ય ડોકટર મિત્રોએ સંયુક્ત રીતે આ શિબિરમાં વિદ્યાર્થીઓની તપાસ કરી હતી. પ્રોજેક્ટ ચેર નિવૃત્ત ડો. કુણાલ નિર્મલ સર દ્વારા વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં આંખોની સંભાળ કેવી રીતે રાખવી તે અંગે જરૂરી અને ઉપયોગી માર્ગદર્શન અને માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ પ્રોજેક્ટ રોટરેક્ટ ક્લબ ઓફ ભાવનગર રોયલ અને રોટરીના સાત ફોકસ એરિયામાંથી, રોગ નિવારણ અને સારવાર હેઠળ સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવ્યો છે, કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ કેમ્પમાં સરકારી શાળાના લગભગ ૧૦૩૦ વિદ્યાર્થીઓએ કુલ ૭ ડોકટરો અને તેમની ટીમ દ્વારા આંખ અને દાંતની તપાસ કરી હતી. કેમ્પ દરમિયાન મોટી સંખ્યામાં ક્લબના સભ્યો, રોટરેક્ટ સભ્યો અને અન્ય મિત્રો અને સમર્થકો હાજર રહ્યા હતા. કેમ્પના સફળ આયોજન બદલ શાળાના શિક્ષકો અને અધિકારીઓએ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલનો આભાર માન્યો હતો. એવું જોવા મળ્યું છે કે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મુખ્યત્વે આંખ અને દાંતની સમસ્યાઓ હોય છે, આ કેમ્પને જોતા, આરસી ભાવનગર રોયલ દ્વારા "વિઝન એન્ડ સ્માઇલ" પ્રોજેક્ટ નામ હેઠળ આંખ અને દાંત માટે ખાસ તપાસ અને તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ "મેગા આઇ એન્ડ ડેન્ટલ ચેક-અપ કેમ્પ" રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલની આરોગ્યલક્ષી સામાજિક સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમુદાય માટે એક ઉમદા ઉદાહરણ રજૂ કરે છે. નિષ્કર્ષમાં, પ્રમુખ નિવૃત્ત ડો. શકીલભાઈ ચૌહાણે કેમ્પને સફળ બનાવવા બદલ તમામ ડોકટરો, ક્લબના સભ્યો, શાળાના અધિકારીઓ અને હાજર રહેલા દરેકનો આભાર વ્યક્ત કર્યો.







DISEASE PREVENTION AND TREATMENT

# કિશોરીઓની કેર

## દક્ષિણામૂર્તિ સ્કુલ

તા ૨૫ જુલાઈ ને શુક્રવારે શહેર ની ખ્યાતનામ દક્ષિણામૂર્તિ સ્કુલ ખાતે વિદ્યાર્થિનીઓ માટે એક તદ્દન અલગ અને રસપ્રદ સેમીનાર નું આયોજન રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓ ની કિશોરાવસ્થા ને ધ્યાન માં રાખી, Menstrual Hygiene અને ગર્ભાશય ના કેન્સર ના વેક્સીનેશન નું મહત્વ સમજાવતા આ પ્રોજેક્ટ માં સ્થાનીક ડો. રજનીબેન મૌલીક ભાઈ પરીખ ના વકતવ્ય નું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સેમીનાર માં ડો.રજની બેન એ પોતાના વક્તવ્ય માં વિદ્યાર્થિનીઓ ને Menstrual Hygiene ની અગત્યતા સમજાવતા ગર્ભાશય ના કેન્સર અંગે જાગૃતી લાવવાના હેતુ થી ગર્ભાશય ના કેન્સર સામે રક્ષણ આપતી વેક્સિન થી માહીતગાર કર્યા હતા. પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન ડો. રજનીબેન એ વિદ્યાર્થિનીઓ ના વિવિધ પ્રશ્નો ના સંતોષકારક જવાબો આપ્યા હતા. વક્તવ્ય ના અંતે રોટરી રોયલ ના એક ક્લબ મેમ્બર્સ ના સહયોગ થી પ્રાપ્ત થયેલા સેનેટરી પેડ ( ઋતુમતી કીટ) નું દક્ષિણામૂર્તિ સ્કુલ ની ૨૫૦ વિદ્યાર્થિનીઓ માં વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ શ્રીમતી નિયતિબેન પંડ્યા ( EC MEMBER - MKBU) ના સહીયારા પ્રયાસો થી સફળતા પૂર્વક પાર પાડવા આવ્યો હતો. શાળા ના સંચાલકો એ આ MSP પ્રોજેક્ટ ને માટે રોટરી રોયલ ની કામગીરી ને બિરદાવી હતી. આ પ્રોજેક્ટ રોટરી ના ફોકસ એરિયા, " maternal and child health અંતર્ગત યોજવામાં આવ્યો હતો અને રોટરી નો પાયાનો સિદ્ધાંત " service above self " ને ખરા અર્થ માં સાર્થક કરવા માં આવ્યો હતો. બહોળી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ અને સ્પાઉસ ઓ એ હાજર રહી પ્રોજેક્ટ ને સફળ બનાવ્યો હતો.










# Rain Relief with Raincoat

### શાકમાર્કેટ - ભાવનગર

મંથલી સર્વિસ પ્રોજેક્ટ અંતર્ગત આજ રોજ તા ૨૬ જુલાઈ ના દિવસે રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ દ્વારા Road Side Vendors માટે રૈનકોટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં માં રોટરી રોયલ ના મેમ્બર્સ અને રોટરેક્ટ મિત્રો એ હાજર રહી આ પ્રોજેક્ટ ને સફળ બનાવ્યો હતો. ભારે વરસાદની આગાહી ના પગલે રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ દ્વારા રોડ પર બેસી ને વેપાર કરી ગુજરાન ચલાવતા લોકો માટે રૈનકોટ વિતરણ આશીર્વાદ સમાન બની રહ્યું હતું.









# ઈ-વેસ્ટ કલેક્શન ડ્રાઈવ

## રોટરી રોયલ વેક્સીનેશન સેન્ટર

ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ ના આ વર્ષ ના જુલાઈ મહિના ના મંથલી સર્વિસ પ્રોજેક્ટ E-waste collection drive અંતર્ગત રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ દ્વારા તા -૨૭ જુલાઈ ને રવીવાર ના રોજ ભાવનગર માં E-waste collection phase -૧ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ E-waste collection drive માં રોટરી રોયલ ક્લિનિક પર ૨૭ જુલાઈ એ ક્લબ મેમ્બર્સ તથા ભાવનગર શહેર ના લોકો માટે E-waste ની માહિતિ, અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને collection ની ગોઠવણ કરવામાં આવી હતી. પ્રેસિડેન્ટ રો.ડો. શકીલ ભાઈ એ આ પ્રોજેક્ટ ને વિવિધ તબકાવાર યોજાવાની પણ જાહેરાત કરી હતી.









# મલ્ટી વિટામીન સીરપ વિતરણ

## સર ટી હોસ્પિટલ, ભાવનગર

તા -૨૮ જુલાઇ ના રોજ ભાવનગર સિવિલ હોસ્પિટલ ના બાળ રોગ વિભાગ માં રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ દ્વારા સેવાની સરવણી ના ભાગ રૂપે કુપોષિત બાળકો માં multivitamin syrup નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય દરમ્યાન સિવિલ હોસ્પિટલ ના બાળ રોગ વિભાગ ના વડા ડો. મેહુલ ભાઈ ગોસાઈ હાજર રહ્યા હતા અને આ પ્રોજેક્ટ ને ખૂબ બિરદાવ્યો હતો.












# Work Place Meeting

PLACE - Bhaanu Fragrance Pvt Ltd .
SPONSOR - Rtn. Parag Kansara.
Date - 30/07/25,
Time - 8:30 pm





ચાલુ રોટરી વર્ષ ની પ્રથમ વર્ક પ્લેસ મિટિંગ આપણા ક્લબ મેમ્બર્સ રો. પરાગભાઇ કંસારા ના વર્ક પ્લેસ ફેક્ટરી પર યોજવામાં આવી હતી. આ વર્ક પ્લેસ મિટિંગ માં રો. પરાગ ભાઈ એ પોતાની ડેવલપ કરેલી પ્રોડક્ટ BIG B તમાકું અને તેના વિવિધ ઉત્પાદનો વિશે ની રસપ્રદ માહિતિ આપી હતી. તમાકું ના ઉત્પાદન સાથે સંકળાયેલા રો. પરાગ ભાઈ એ ફેક્ટરી વિઝિટ દમયાન તમાકું ની વિવિધ બનાવટો અને તેની કર્યા શૈલી ની ઊંડાણ પૂર્વક ની માહિતિ ઓ મેમ્બર્સ સમક્ષ રજુ કરી હતી. ફેક્ટરી વિઝિટ બાદ હાજર સર્વે મેમ્બર્સ ઓ એ સાથે ભોજન લીધું હતું. વર્ષ ની આ પહેલી વર્ક પ્લેસ મિટિંગ માં મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ હાજર રહ્યાં હતાં. અંત માં પ્રેસિડેન્ટ રો. ડૉ. શકીલ ભાઈ એ નવા મેમ્બર્સ એવા રો. પરાગભાઇ નો તથા સર્વે મેમ્બર્સ નો આભાર માન્યો હતો.



# Meetings

Date: 02/07/2025
Time: 08:30 pm
Place: Hotel Basil Park
Rotary New Year First Welcome Meeting






Date: 09/07/2025
Time: 08:30 pm
Place: Hotel Basil Park
Assistant Governor Visit

Date: 16/07/2025
Time: 08:30 pm
Place: Honest Restaurant
Speaker Meeting







Date: 23/07/2025
Time: 08:30 pm
Place: Honest Restaurant
Regular Club Meeting

Date: 30/07/2025
Time: 08:30 pm
Place: Bhaanu Fragrance Pvt Ltd, Navagam
Work Place Meeting



# Birthday & Anniversary

## Happy Birthday

| | |
|---|---|
| Rtn. Dhananjay Kumar | 01 July |
| Rtn. Kartik Dholakia | 02 July |
| Rtn. Dr. Krunal Nirmal | 12 July |
| Rtn. Bhadresh Anghan | 13 July |
| Rtn. Hashmukh Dave | 15 July |
| Rtn. Kalpesh Patel | 15 July |
| Rtn. Dharmvirsinh Sarvaiya | 16 July |
| Rtn. Amrish Pandit | 24 July |
| Rtn. Krishnadevsinh Sarvaiya | 25 July |
| Rtn. Jignesh Kothari | 31 July |

## Happy Anniversary

| | |
|---|---|
| Rtn. Dr. Devang Pawar | 04 July |
| Rtn. Bhavesh Mehta | 08 July |
| Rtn. Bhavnesh Mehta | 23 July |

Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD

